# સંપાદકીય સહાયક

સંપાદકીય સહાયક, સંપાદકીય વિભાગને વહીવટી સહાય પૂરી પાડે છે. તેઓ હસ્તપ્રતો વાંચે, પ્રૂફ મોકલે, ફાઈલો વ્યવસ્થિત કરે તેમજ ગોઠવે અને એકંદરે સમગ્ર સંચાલન સુચારુ રીતે ચાલે તે સુનિશ્ચિત કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. સમય અને અનુભવ સાથે તેઓને સંપાદકીય વ્યવસ્થાપક અથવા સહાયક સંપાદક જેવા ઉચ્ચ હોદ્દા પર પણ બઢતી આપી શકાય છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમને વિગતો પર ધ્યાન આપવું ગમે છે
- તમે ભાષાઓ અને વ્યાકરણમાં નિપુણ છો
- તમે ઉત્તમ સંચાર કૌશલ્ય અને નેતૃત્વ કૌશલ્ય ધરાવો છો
- તમને ટીમમાં કામ કરવું ગમે છે




ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૨૫,૦૦૦ થી ૫,૦૦,૦૦૦* જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. અંગ્રેજી અથવા કોઈપણ ભાષા/પત્રકારિત્વ અથવા સંબંધિત ક્ષેત્રમાં સ્નાતકની ડિગ્રી મેળવો.

**અથવા**

અંગ્રેજી અથવા કોઈપણ ભાષા/પત્રકારિત્વ અથવા સંબંધિત ક્ષેત્રમાં સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, તે જ અથવા સંબંધિત ક્ષેત્રમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

**અથવા**

સંપાદનમાં ડિપ્લોમા/ઓનલાઈન કોર્સ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

સંપાદકીય સહાયકનું અંદાજીત માસિક વેતન રૂ. ૧૦,૦૦૦ થી ૩૭,૦૦૦* જેટલું હોય છે.

સ્રોત : https://www.payscale.com/research/IN/Job=Editorial_Assistant/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** અખબાર જૂથો, સમાચાર એજન્સીઓ અને સમાચાર બ્યુરો, વિવિધ ભાષાઓના સામયિકો અને જર્નલ્સ, મોટા કોર્પોરેટ ગૃહોના ઈન-હાઉસ પ્રકાશનો વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણ :** આ ડેસ્ક જોબ છે અને સામાન્ય રીતે મુસાફરી કરવાનીની જરૂર રહેતી નથી. કામકાજના કલાકો જે સંસ્થામાં કામ કરતા હોય તે મુજબ, અઠવાડિયામાં ૬ થી ૭ દિવસ, દરરોજ ૧૦ થી ૧૨ કલાક જેટલા હોય છે. તમારી પાસે ઘરેથી કામ કરવાનો વિકલ્પ પણ ઉપલબ્ધ હોય શકે છે.

તમે પાર્ટ-ટાઇમ અને કરાર આધારિત નોકરી પણ શોધી શકો છો. સ્વ-રોજગાર પણ એક વિકલ્પ છે.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

સહ સંપાદક → સંપાદક → મુખ્ય સંપાદક/સંપાદકિય વ્યવસ્થાપક → સંપાદકિય નિર્દેશક

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

એડિટોરીયલ આસિસ્ટન્ટ, એડિટરીયલ, આસિસ્ટન્ટ ટુ એડિટર

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ માસ કોમ્યુનિકેશન/માસ મીડિયા વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. દિલ્હી કોલેજ ઓફ આર્ટસ એન્ડ કોમર્સ, નવી દિલ્હી
૨. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ માસ કોમ્યુનિકેશન, નવી દિલ્હી
૩. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરા
૪. વી.એન.એસ.જી.યુ., સુરત
૫. ઉત્કલ યુનિવર્સિટી, ભુવનેશ્વર
૬. યુ.એન.આઈ. પુણે - સાવિત્રીબાઈ ફૂલે પુણે યુનિવર્સિટી, પુણે
૭. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૮. ઓસ્માનિયા યુનિવર્સિટી, હૈદરાબાદ

**ખાનગી સંસ્થાઓ**


(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. એન.એસ.એચ.એમ. સ્કૂલ ઓફ મીડિયા એન્ડ ડિઝાઇન
૨. ગ્રેસ કૉલેજ, રાજકોટ
૩. ગાર્ડન સિટી યુનિવર્સિટી, બેંગલુરુ
૪. ઝેવિયર ઇન્સ્ટિટ્યુટ ઓફ કોમ્યુનિકેશન્સ
૫. ગ્રાફિક એરા હિલ યુનિવર્સિટી, દેહરાદૂન
૬. રુઇયા કૉલેજ - રામનારાયણ રુઈયા કૉલેજ
૭. એમ.આઈ.સી.એ., અમદાવાદ
૮. યુ.આઈ.ડી., અમદાવાદ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઇન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી



## સાફલ્ય ગાથા

**એલિસ પ્રિસ્ટલી** એ સંપાદકીય સહાયક અને ફ્રીલાન્સ કોપીરાઈટર છે. તેણી ઓનલાઈન અને પ્રિન્ટ મેગેઝિન, પાર્ટવર્ક અને પુસ્તક પ્રકાશનમાં કામ કરવાનો અનુભવ ધરાવે છે. તેમણે હેચેટ પાર્ટવર્ક્સ સાથે કામ કર્યું છે. તે સબ એડિટિંગ, કોપીરાઈટીંગ, બિબ્લિયો, માઈક્રોસોફ્ટ ઓફિસ, ઈનડિઝાઈન અને વર્ડપ્રેસમાં કુશળ છે. તેણીએ લૌફબોરો યુનિવર્સિટીમાંથી સર્જનાત્મક લેખનમાં ધ્યાન કેન્દ્રિત કરીને એમ.એ.ની પદવી હાંસલ કરેલ છે.*

સ્રોત : https://the-dots.com/users/alice-priestley-224817

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.